# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-03-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(GONG MUSIC)

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM AMRELI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમરેલી જિલ્લામાં 681 કરોડ રૂપિયાના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા ગ્રામ્ય વિસ્તારમાં શહેર જેવી સુવિધા આપવી જરૂરી છે. તેમણે જણાવ્યું, વરસાદનું પાણી જમીનમાં ઉતારવા દરેક ધારાસભ્યને 50 લાખ રૂપિયા અપાય છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

# CM VALSAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વલસાડ ખાતે સદગુરુ ભગવાનશ્રી વાલરામ પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા. તેમણે કચ્છી ભાનુશાલી સમાજના શ્રી ઓધવ ભવનનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે તેમણે વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના નિર્માણમાં સૌ લોકોને યોગદાન આપવા અનુરોધ કર્યો.

# AMBAJI MAHOTSAV

શક્તિપીઠ અંબાજીના ચાચર ચોકમાં 'અંબાજી ઉત્સવ'નો પ્રારંભ થયો છે. વહીવટદાર અને અધિક કલેક્ટર કૌશિક મોદીએ મહોત્સવને ખુલ્લો મૂક્યો. ચૈત્રી નવરાત્રિ નિમિત્તે યોજાયેલા આ મહોત્સવના પ્રથમ દિવસે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરવામાં આવી હતી, જેમાં લોકસંગીત, ભક્તિ સંગીત, નૃત્ય અને હાસ્ય રસનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો.

આ પ્રસંગે અંબાજી વહીવટદાર કૌશિક મોદીએ જણાવ્યું હતું કે, ચૈત્રી નવરાત્રિના આ પાવન અવસરે માઈભક્તોમાં ભક્તિ, સાંસ્કૃતિક જાગૃતિ અને પરંપરાગત મૂલ્યોનો પ્રસાર થાય તે હેતુથી આ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, ઉત્સવના બીજા દિવસે પણ લોક ગાયકો, ભજન મંડળો અને વિવિધ કલાવૃંદો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોની રંગત જામવાની છે. સાથે સાથે ભક્તિમય વાતાવરણમાં માઈભક્તો માતાજીના દર્શન સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોનો આનંદ માણી શકશે.

# SPECIAL TRAIN

પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝને મુસાફરોના ધસારાને નિયંત્રિત કરવા માટે 14 ઉનાળુ વિશેષ ટ્રેનની જાહેરાત કરી છે. રેલવે મથકો પર મુસાફરોની ધસારાને પગલે સુરત અને ઉધના સ્ટેશનો પર હોલ્ડિંગ એરિયા પણ ઉભા કરાયા છે. આ અંગે પશ્ચિમ રેલવેના જન સંપર્ક અધિકારી અનુભવ સક્સેનાએ વધુ માહિતી આપી.

**(બાઇટ : અનુભવ સક્સેના, જન સંપર્ક અધિકારી)**

# MAHESANA- ONE VILEGE- ONE KITCHEN

મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના ચાંદણકી ગામની સામુહિક ભોજન વ્યવસ્થા સમગ્ર વિશ્વ માટે પ્રેરણારૂપ બની રહે તે માટે એક દસ્તાવેજી ફિલ્મ “વન વિલેજ વન કિચન”નું શુટીંગ ચાદણકી ગામે શરૂ થયું છે.

અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધી જયંતી ચૌધરી જણાવે છે કે આ ગામમાં એક પણ ઘરમાં રસોડું જ નથી. અને ગામના બધાજ લોકો સવાર અને સાંજે એક જ રસોડે બધા સાથે  મળી જમે છે. આ ગામમાં એક્ત્વ ભાવનાના દર્શન થાય છે. ગ્રામીણ ભારતને પ્રોત્સાહન આપવાનું કામ ચાંદણકી ગામ કરી રહ્યું છે.

# Bhavnagar- vanchan shibir

ભાવનગરમાં લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય અને સર્વોદય સહકારી પ્રકાશન સંઘના સંયુક્ત ઉપક્રમે પ્રથમ વર્ષના વિધાર્થીઓ માટે વાચન શિબિરનું આયોજન કરાયું હતું.

વાચન શિબિરનું ઉદઘાટન ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના અધ્યક્ષ અને સર્જક મહેન્દ્રસિંહ પરમાર કર્યું હતું. આ પ્રસંગે મહેન્દ્રસિંહ પરમારે પ્રકૃતિ અને કૃતિ સંદર્ભે રસાળ શૈલીમાં કહ્યું કે આપણી પાંચેય જ્ઞાનેન્દ્રિયોને ધાર કાઢવાની ક્રિયા એટલે વાચન. ગુજરાતી ભાષાની બે વાર્તાઓ "જક્ષણી"અને "ખોલી નાખ" નું વાચન અને આસ્વાદન કરાવીને પુસ્તકોને કદીય નિષ્ફળ ન જતા મિત્રો ગણાવ્યા.

# WEATHER

આગામી બે દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગરમીમાં ધીમે ધીમે વધારો થઈ શકે છે. જ્યારે લઘુત્તમ તાપમાનમાં પણ બે ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન 36  ડિગ્રી સેલ્સિયસ જેટલું રહી શકે છે.